Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માનંદ પ્રકાશ



આત્મ સં. ૮૯ (ચાલુ) વીર સં. ૨૫૧૦
વિક્રમ સંવત ૨૦૪૦ મહા

## શ્રી સુપાર્શ્વ જિન સ્તવન

લેખક : પરમપૂજ્ય આનંદઘનજી મહારાજ સાહેબ

શ્રી સુપાર્શ્વ જિન વંદિએ, સુખ સંપત્તિનો હેતુ લલના.
શાંત–સુધારસ–જલનિધિ, ભવ સાગરમાં સેતુ લલના. શ્રી સુપાર્શ્વ (૧)
સાત મહાભય ટાળતો, સપ્તમ જિનવર દેવ; લલના,
સાવધાન મનસા કરી, ધારો જિનપદસેવ. લલના. શ્રી સુપાર્શ્વ (૨)
શિવશંકર જગદીશ્વર, ચિદાનંદ ભગવાન; લલના.
જિન અરિહા, તીર્થંકરુ, જ્યોતિ સ્વરૂપ અસમાન. લલના. શ્રી સુપાર્શ્વ (૩)
અલખ નિરંજન વચ્છલું, સકલ જંતુ વિશરામ; લલના.
અભયદાન દાતા સદા, પૂરણ આતમરામ. લલના. શ્રી સુપાર્શ્વ (૪)
વીતરાગ, મદ, કલ્પના, રતિ–અરતિ–ભય–સોગ; લલના.
નિદ્રા, તંદ્રા, દુરંદશા; રહિત અબાધિત યોગ. લલના. શ્રી સુપાર્શ્વ (૫)
પરમ પુરૂષ, પરમાત્મા, પરમેશ્વર, પરધાન; લલના.
પરમ પદારથ પરમેષ્ઠિ, પરમદેવ પરમાન. લલના. શ્રી સુપાર્શ્વ (૬)
વિધિ, વિરંચિ, વિશ્વંભરૂ, હૃષિકેશ જગનાથ. લલના.
અઘહર, અઘમોચન ધણી, મુક્તિ પરમપદ સાથ લલના. શ્રી સુપાર્શ્વ (૭)
એમ અનેક અભિધા. ધરે, અનુભવ–ગમ્ય વિચાર; લલના.
જે જાણે તેને કહરે, આનંદઘન–અવતાર. લલના. શ્રી સુપાર્શ્વ (૮)

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

પુસ્તક : ૮૧ ] ફેબ્રુઆરી : ૧૯૮૪ [અંક : ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ટ |
|---|---|---|---|
| (૧) | લાગ્યા નેહ જિન ચરણ હમારા | યોગીરાજ શ્રી ચિદાનંદજી મ. સા. | ૪૯ |
| (૨) | ચાંપો વાણિયો : શુદ્ધ દ્રવ્ય સદ્ ઉપયોગ | પ પૂ૦ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબના વ્યાખ્યાનમાંથી | ૫૦ |
| (૩) | તત્ત્વ શું છે ? | રતિલાલ માણેકલાલ શાહ | ૫૨ |
| (૪) | શરત યાને હોડ | પી આર સલોત | ૫૪ |
| (૫) | સતી સુરસુંદરી | પૂ. મુનિરાજશ્રી દાનવિજયજી મ. સા | ૫૭ |
| (૬) | સં. ૨૦૩૯નો હિસાબી અહેવાલ | — | ૬૦ |
| (૮) | સરી પડેલ મોતીની માળા | — | ૬૪ |



## આ સભાના આજીવન સભ્ય

## શ્રી કીરણભાઈ કે. શાહ (અમદાવાદ)


**રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) ફોર્મ-૪ નિયમ ૮ પ્રમાણે "આત્માનંદ પ્રકાશ" સંબંધમાં નીચેની વિગતે પ્રગટ કરવામાં આવે છે.**

૧. પ્રસિદ્ધિ સ્થળ : શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ-ભાવનગર

૨. પ્રસિદ્ધિ ક્રમ : દરેક અંગ્રેજી મહિનાની સોળમી તારીખ

૩. મુદ્રકનું નામ : શેઠ હેમેન્દ્ર હરિલાલ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

૪. પ્રકાશકનું નામ : શ્રી જૈન આત્માનંદ સભા વતી, શ્રી પોપટલાલ રવજીભાઈ સલોત
કયા દેશના : ભારતીય
ઠેકાણું : શ્રી જૈન આત્માનંદ સભા ખાર ગેઈટ ભાવનગર.

૫. તંત્રીનું નામ : શ્રી પોપટલાલ રવજીભાઈ સલોત
કયા દેશના : ભારતીય
ઠેકાણું : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

૬. સામાયિકના માલિકનું નામ : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

આથી હું પોપટલાલ રવજીભાઈ સલોત જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો અમારી જાણ તથા માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧૬-૨-૮૪ પોપટલાલ રવજીભાઈ સલોત


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પોપટલાલ રવજીભાઈ સલોત

વર્ષ : ૮૧] વિ. સં. ૨૦૪૦ મહા : ફેબ્રુઆરી=૧૯૮૪ [અંક : ૪


## લાગ્યા નેહ જિન ચરણુ હમારા

**લે. યોગીરાજ શ્રી ચિદાનંદજી મ. સાહેબ**

જિમ ચકોર ચિત્ત ચંદે પિયારા?
લાગ્યા નેહ જિન ચરણુ હમારા.
સુનત કુરંગ નાદ મન લાઈ,
પ્રાણુ તજે પ્રાણુ પ્રેમ નિભાઈ,
ઘન તજ પાન ન જાવત જાઈ,
એ ખગ ચાતક કેરી લડાઈ. લાગ્યા-૧
જલત નિઃશંક દીપક માંહી
પીર પતંગકુ હોત કે નાહી?
પીડા હોત તદ પણ તિહાં જાહી,
શંક પ્રીતિવશ આવત નાહી. લાગ્યા-૨
મીન મગન નવ જળથી ન્યારા,
માન સરોવર હંસ આધારા;
ચોર નિરખ નિશિ અતિ અધિયારા
કેકી મગન સુન કુન ગરજારા. લાગ્યા-૩
પ્રણવ ધ્યાન જિન જોગી આરાધે,
રસ રીતિ રસ સાધક સાધે;
અધિક સુગંધ કેતકીમેં લાધે,
મધુકર તસ સંકટ નવિ વાધે. લાગ્યા-૪
જાકા ચિત્ત જિહાં થિરતા માને,
માકા મરમ તો તેહિ જ જાને;
જિનભક્તિ હિરદેમેં ઠાને,
'ચિદાનંદ' મન આનંદ જાને. લાગ્યા-૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચાંપો વાણિયો : સદ્ દ્રવ્ય સદ્ ઉપયોગ

પ. પૂ. પરમ પ્રવચન પ્રભાવક વ્યાખ્યાન વાચસ્પતિ **શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજના** વ્યાખ્યાનમાંથી

દ્રવ્ય સત્ પણ હોય અને અસત્ પણ હોય. નીતિ માર્ગે મેળવેલું દ્રવ્ય સત્ છે. અનીતિ માર્ગે મેળવેલું દ્રવ્ય અસત્ પૈસો સ્વત : ખરાબ જ છે પણ સંસારમાં રહેલા જીવને વિના પૈસે ચાલતું નથી તેથી તેને પૈસો રાખવો પડે છે.

શાસ્ત્રે તો કહ્યું છે –જે જીવોને સુકુળમાં જન્મ થયો છે, જેમને શ્રી સિદ્ધક્ષેત્ર અને શ્રી સંઘનો સુયોગ થયો છે, તેવા જીવોને પૈસાની જરૂર પડે છે તે – પોતાનો પાપોદય સમજે છે.

કોઇ પુછે તો કહે, " ઊંટની સવારી કરનારને આમતેમ હાલવું પડે તેમ આ સંસાર નામના ઊંટ પર બેઠો છું તેથી આમતેમ હાલીને સમતુલા જાળવી રાખવી પડે છે. "

ચાંપો વાણિયો સુખી છે. પણ કર્મનો ધક્કો લાગ્યો. તેથી પરદેશ ધન કમાવા ગયો. પુણ્ય યોગે ખુબ ધન કમાયો. તે બધુ ભેટે બાંધી, ઊંટ પર સવાર થઈ, પોતાના વતન તરફ આવી રહ્યો છે. અંગ ઉપર પોતાની શ્રીમંતાઇને અનુરૂપ દાગીના પણ બરાબર પહેરેલા છે. રસ્તો જંગલમાં થઈને જાય છે. જ્યારે તે જંગલ પસાર કરી રહ્યો છે ત્યારે ત્રણ બુકાનીધારી લૂંટારાઓ આડા ફરે છે પડકાર કરે છે 'ઊંટ ઉભો રાખ.'

ગમે તેવાને ભયથી કંપાવી મુકે-એવો પ્રસંગ અને સમય. પણ ચાંપાના હૈયે કશી ફીકર નથી. નિર્ભય પણે ઊંટ ઉભે રાખે છે.

શા માટે ભય નથી ? ખ્યાલમાં આવે છે ? ચાંપાને વિશ્વાસ છે કે મારૂં ધન નીતિથી કમાયેલું છે, મારે પાપોદય સિવાય , નીતિનું ધન મારી પાસેથી કોઇ લઈ શકે નહિ

મુખ્ય લૂંટારો આગળ આવી હાકલ કરે છે, વાણિયા ! તારી પાસે કેટલું ધન છે તે બોલી નાખ.

ચાંપાના દીલમાં જરાય ગભરાટ નથી "આ બધું કર્મે મેળવી આપ્યું છે. કર્મ રૂઠે તો જાય. જાય તો ભલે જતું, મારે તેની પરવા નથી.' તેથી સ્વસ્થતાથી કહે છે, જો ! મારા અંગ ઉપર દેખાય છે તે તો છે જ, તે સિવાય ભેટમાં ઘણું બાંધ્યું છે. તારે શું કહેવું છે તે બોલ " " બોલવાનું શું હોય ? તારે તે બધુ આપી દેવું પડશે. નહિં તો આગળ નહિ વધી શકે. "

ચાંપાએ કહ્યુ, " દાનમાં માગે છે. ?"

લૂંટારાએ કહ્યું, " દાન અમારે ન ખપે. અમે તો બળજબરીથી લેવા માંગીએ છીએ. ભીખ માગવાનો અમારો ધંધો નથી. માટે સમજીને આપી દે, નહિં તો લડવા તૈયાર થા. "

ચાંપાએ કહ્યું, " હું પણ સાચો વણિક છું. દાનમાં જોઈએ તો બધું લઈ જાઓ. પણ બળજબરીથી એક પાઈ ન આપું, "તમારા લડવાની હોંશ પૂરી કરવા તૈયાર છું."

કહેતાની સાથ ઊંટ પરથી છલાંગ મારી નીચે ઉતર્યો. ભાથામાં પાંચ બાણ હતા. તેમાંથી બે કાઢી, હાથથી ભાંગી ટૂકડા કરી ફેંકી દીધા.

લૂંટારૂઓ આશ્ચર્ય પામ્યા. મનમાં થયું કે આ માનવનું મગજ ઠેકાણે નથી.

નાયકે કહ્યુ, " વાણિયા ! સાંભળ. લડવાની વાત પછી. પણ તેં આ શું કર્યું ?- તે પ્રથમ સમજાવ.

ચાંપાએ કહ્યું, "ન સમજ્યા. સાંભળો. મારે કોઇની સાથે ન લડવાનો નિયમ છે. પરંતુ કોઈ લડવાની ફરજ પાડે તો અનીતિથી તો ન જ લડવું. એવો નિયમ છે. શત્રુ નીચે ઉભો હોય અને હું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઊંટ પર બેસી શસ્ત્ર ચલાવું એ અન્યાય કહેવાય. તેથી નીચે ઉતર્યો. આ બે બાણ ભાંગી નાખ્યા તેથી તમને નવાઈ લાગી હશે? પણ મારે એક એવો નિયમ છે કે એક શત્રુ ઉપર એકથી અધિક બાણ ન ચલાવવું. તમે ત્રણ છો. બાણ પાંચ તેથી બે ભાંગી નાખ્યા. રખે મારૂં બાણ ખાલી જાય અને મને તે વખતે બીજું બાણ ચલાવવાની દુર્બુદ્ધિ થાય તો મારો નિયમ ભાંગે. નિયમ ભાંગે તેના કરતાં મરવું સારું. પહેલેથીજ નિયમની રક્ષા માટે સાવચેતી કરી લીધી, બોલો. હવે કાંઈ પૂછવું છે? પેલા કહે. "આમારે હવે એટલુંજ પૂછવું છે કે તારા ત્રણ બાણથી અમે ખલાસ થઈ જઈએ એટલો બધો તને વિશ્વાસ છે. ?

ચાંપો કહે, "એમાં જરાયે શંકા ન રાખશો. કદાચ એમ ન થયું તો મને મરવાનો ભય નથી પછી ચિંતા શી? મારો નિયમ તો ન તૂટે ને?"

લૂંટારાએ કહ્યુ, "બસ હવે અમારે તારી સાથે લડવું યે નથી, તારૂં ધન પણ જોઈતું નથી. તું સુખેથી જઈ શકે છે. પણ તે પહેલાં અમારે તારા બાણ ચલાવવાની કળા જોવી છે. જો આકાશમાં દુર પેલું પંખી ઉડે છે. તેના પર બાણ ચલાવ. તારી કળા બતાવ."

ચાંપાએ કહ્યુ, " એ ન બને. નિરપરાધી પર બાણ ચલાવવાની મારી કળા નથી. ખાત્રી કરવી હોય તો તમારામાંનો એક આ મોતીની માળા લઈ દૂર દૂર નજર પહોંચે ત્યાં સુધી જઈને ઉભો રહે. મસ્તક પર માળા મૂકે મારૂં બાણ માળા ઉપાડી ચાલ્યું જશે. તેના માથા પર જરા પણ ઘસરકો લાગે તો તમારી તલવાર ને મારૂં માથું કરો ખાત્રી."

લુંટારાઓએ ખાત્રી કરી અને ખૂશ થયા અને કહ્યું, 'શેઠીઆ! જ્યારે સાંભળવા મળે કે પાટણની ગાદી પર વનરાજ ચાવડાનો રાજ્યાભિષેક થયો છે ત્યારે હાજર થઇ જ જે. તને મારો મંત્રી બનાવીશ"

આશ્ચર્યથી ચાંપો કહે છે, "શું આપ વનરાજ? તો હવે આ બધું આપને ચરણે છે. કૃપા કરી સ્વીકારી લો. હજુ પણ જયારે જરૂર પડે ત્યારે આ ચાંપાને યાદ કરજો. શકિત હશે. ત્યાંસુધી સઘળું પુરૂં પાડીશ. મારૂં સઘળુંયે આપનું જ છે. મને પણ આપનો જ માન જો

જોઇ આ ઉદારતા - ધર્મના પાલન માટે સત્વ જોઈએ. વણિકવૃતિ કામ ન આવે. ચાંપો વાણિયો હતો છતાં ધર્મપાલન માટે તેનામાં ક્ષાત્ર વટ હતી.

'જિન વાણી" ના સૌજન્યથી

## આદિ નામ

આદિ નામ પારસ અહૈ, મન મૈલા લોહ,
પરસત હી કંચન ભયા છૂટા બંધન મોહ.
આદિ નામ નિજ સાર હૈ, બૂઝિ લેહુ સો હંસ,
જિન જાન્યો નિજ નામ કો, અમર ભયો સો બંસ
આદિ નામ નિજ મૂલ હૈ, ઔર મંત્ર સબ ડાર;
કહ કબીર નિજ નામ બિનુ, બૂડી મૂઆ સંસાર.
નામ રતન ધન પાઈ કૈ ગાંઠી બાંધી નખોલ,
નારી પન નાહીં પારખૂ નહિ ગ્રાહક નહિ મોલ.

કવિશ્રી કબીર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તત્પ શું છે?

લેખક : **રતિલાલ માણેકલાલ શાહ**

અધ્યાત્મ માર્ગમાં આગળ વધવા માટે પ્રથમ તત્ત્વજ્ઞાનની અત્યંત આવશકયતા છે અને તેમાં જો કોઇ સહાયભૂત હોયતો તે દેવ અને ગુરુ છે. તત્ત્વજ્ઞાન ને જેમ છે તેમ બરાબર સમજી લઇને તેનો, સંપૂર્ણ અભ્યાસકરીને, જે હેય હોય તેનો ત્યાગ કરીને અને જે ઉપાદેય હોય તેને ગ્રહણ કરીને, તે પથપર આગળ વધવા મ ટે તે તરફ પુરુષાર્થને ફોરવવાની માટે પ્રયત્નશીલ બનવું અત્યંત જરૂરિ છે. તેજ ધર્મ છે અને સાધના કહેવાય છે. આસાધનામાં વીતરાગ ભગવ ત ચીંધ્યા માર્ગે આગળ વધતાં સ્વસ્વરૂપનું પ્રગટીકરણ થાય છે આસાધ્ય ધર્મ છે. જે ઓમાથી સંપૂર્ણ પણે રાગ-દ્વેષ લુપ્ત થયા છે. મોહપર જેમણે સ પુર્ણ વિજય પ્રાપ્ત કર્યો છે, સુરાસુર દેવોથી જેઓ પૂજનીક છે, જેઓ તત્ત્વના પથપ્રદર્શક છે. કેવળ દર્શન અને કેવળજ્ઞાનનો આવિષ્કાર થવાથી જેમનામાં અજ્ઞાનતાના સર્વથા અભાવ છે તેવા જિનેશ્વર ભગવંતને દેવ તરીકે માનીએ.

સાધ્યમાર્ગના આદર્શ તરીકે દેવ છે અને તેઓના ચીંધ્યા માર્ગે આપણે ચાલવાનું છે કારણ કે તેઓ આ માર્ગના પથ પ્રદર્શક છે. એવાદેવ અરિહંતપદને પામ્યા બાદ પ્રત્યેક કર્મોને વિલીન કરી પૂર્ણતાએ પહોચે છે રાગ-દ્વેષ અને અજ્ઞાનતાને લુપ્ત કરીને, આત્માની અનંતી શકિતનું પ્રગટીકરણ કરવું તે પ્રત્યેક જીવોનું ધ્યેય હોવું ઘટે. વીતરાગ ભગવંત તેના આદર્શરૂપ છે. તેમજ તેઓ માર્ગને ચીંધનાર પણ છે. એટલે ભગવંત તરીકે તેમનો આદર્શ અપનાવવો આવશ્યક ગણાય.

અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ આ પાંચ મહાવ્રતોનું પાલન કરનાર, પ્રભુના પથ પર પ્રયાણ કરનારા વીતરાગ ભગવંતના ચીંધ્યા માર્ગે ચાલનારા, પોતાના આત્માના ગુણોનો વિકાસ સાધનારા અને અન્યજીવોને તે રાહપર દોરનારા તેમને ગુરુ તરીકે માનવામાં આવે છે. જેઓ આત્મભાન ગૂમાવી બેઠા છે અને ગૂમરાહી છે, તેઓને સાચા પથ પર દોરનારા, તત્વનું જ્ઞાન આપનારા અને પરમાર્થના પ્રત્યેક કાર્ય માટે નિતાંત તૈયાર એવા સહાયક ગુરુઓની આ માર્ગ માટે સવિશેષ જરૂર રહે છે. અધ્યાત્મ માર્ગના પથ પર પ્રયાણ કરવા માટે જો કોઈ સહાયભૂત હોયતો તે ગુરુઓજ છે. કિવદંતી છે કે, ગુરુ-ગોવિંદ દોનું ખડે કીસકો લાગું પાય? બલિહારી ગુરુ રાજકી જિસને ગોવિંદ દીયો બતાય."

શુદ્ધ સ્વરૂપનું પ્રગટીકરણ કરવાની અપેક્ષાવાળા પ્રત્યેક જીવો માટે સાધ્ય રૂપ આ ધર્મ છે.

જ્ઞાન, દર્શન, ચારિત્ર, શીલ, તપ, ભાવ, ક્ષમા, નમ્રતા, સરલતા, સંતોષ દેહુથીપવિત્ર આચરણ, સત્ય, અહિંસા, અપરિગ્રહ, બ્રહ્મચર્ય અને ત્યાગ આ સાધનરૂપ ધર્મ છે. આવા ધર્મરૂપી સાધનો દ્વારા સાધ્ય ધર્મને પ્રગટીકરણ કરવું આપણા માટે અત્યંત આવશ્યક છે.

વીતરાગ ભગવંતે નવપદનું પ્રતિપાદન કરેલ છે. જે નવતત્ત્વો તેઓએ કહ્યા છે તે આ પ્રમાણે છે. (૧) જીવ, (૨) અજીવ, (૩ પુણ્ય, (૪) પાપ ૫) આશ્રવ, (૬) સંવર, (૭) નિર્જરા, (૮) બંધ, (૯) મોક્ષ આ નવતત્ત્વો છે.

જ્ઞાન, દર્શન, ચારિત્ર એ નામ અને ક્રિયા રૂપે અલગ છે, છતાં પણ સ્વરૂપે આત્માની સાથે અભેદ હોવાથી એક રૂપ છે. કારણ કે તે આત્માના મૂળ ગુણો છે. અને ગુણો અને ગુણીને અભેદ ભાવ હોય છે. એટલે એક રૂપ છે. સંસારીપણામાં આત્મા કર્તા ભોકતા છે. અને ધર્મ રૂપે જ્ઞાતા-દષ્ટા છે કારણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ આત્મા નો ધર્મ છે. ઉપયોગ રૂપે તે ગતિમાં મૂકાય છે, ચેતના એ જીવનું અસાધારણ લક્ષણ છે.

જેનામાં ચેતના લક્ષણ નથી તે અજીવ છે. શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શથી અજીવ પ્રગટ જાણી શકાય છે. શુભ કર્મોના ઉજ્જવળ પુદ્ગલોને પુણ્ય કહે છે. તેથી જીવને તેના ફલ રૂપે સંસારના સુખો પ્રાપ્ય બને છે. અશુભ કર્મના કાળાં પુદ્ગલોને પાપ કહે છે, તેના ઉદયમાં જીવોને અનેક દુઃખો ભોગવવા પડે છે.

આ પુણ્ય-પાપના પુદ્ગલો કર્મ રૂપે ગ્રહણ કરવામાં મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને મન વચન - કાયાની ક્રિયાઓ કારણભૂત છે. તત્ત્વમાં અતત્ત્વનું શ્રદ્ધાન, જડમાં ચૈતન્યની અને ચૈતન્યમાં જડની ભ્રાંતિ, નિત્યમાં અનિત્ય, અનિત્યમાં નિત્યમાનવું તેને મિથ્યાત્વ કહેવામાં આવે છે.

વ્રત, નિયમો ન આદરવા, તેનું પાલનન કરવું તેને અવિરતિ કહેવામાં આવે છે. ક્રોધ, માન, માયા - લોભ આ ચાર કષાયો છે. મન-વચન-કાયાની શુભાશુભ ક્રિયાઓને યોગ કહે છે. કર્મના આવનને આશ્રવ કહે છે.

આ પ્રમાણે ચાર પ્રકારે આવિર્ભાવ પામેલા કર્મોને દૂધ અને પાણીની માફક અગરતો લોઢું અને અગ્નિની જેમ આત્મપ્રદેશની સાથે એકરસ કરવાં તેને બંધ કહે છે.

કર્મના આવવાના રસ્તા બંધ કરવા તેને સંવર કહે છે. પૂર્વે બાંધેલા કર્મોને આત્મપ્રદેશથી અલગ કરવા તેને નિર્જરા કહે છે. દેહ અને કર્મો આત્માથી કાયમને માટે અલગ થવા તેને મોક્ષ કહે છે. આ નવ તત્ત્વો જેમ છે તેમ જાણી સ્વસ્વરૂપની જે અંશે અનુભૂતિ કરે છે.


## પ્રગટ થઈ ચૂકેલ છે

**સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ લો** તથા **શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૨ જો** જેની મર્યાદિત નકલો હોવાથી તાત્કાલિક મંગાવી લેવા વિનંતી છે. અને તે બન્ને ભાગો મૂળ કીંમતે આપવાના છે·

**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧** (પૃષ્ઠ સંખ્યા-૨૨૪) કીંમત રૂપિયા પંદર.
**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૨ જો** (પૃષ્ઠ સંખ્યા-૪૪૦) કીંમત રૂપીઆ પાંત્રીશ.
તો બન્ને ભાગો એકી સાથે મંગાવી લેવા વિનંતી છે.

:- સ્થળ -:

**શ્રી જૈન આત્માનંદ સભા**

ઠે. ખારગેટ : **ભાવનગર** : (સૌરાષ્ટ્ર)

**તા. ક.** : બહાર ગામના ગ્રાહકોને પોસ્ટેજ ખર્ચ અલગ આપવાનો રહેશે.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શરત યાને હોડ

લેખક : **પી. આર. સલોત**

જેઠ માસનો વદ પાંચમનો દિવસ. સંધ્યાએ ગગનમાં કેસુડા શા રંગો ગગનમાં પાથર્યા હતા. ચંદ્રનું આગમન ઢીલમાં હતું. કદાચ આ યુગનો પ્રભાવ તેના પર પડયો હોય. છજાવટમાં કમિના ન રાખવાની મહેચ્છા હૈયે રમતી હોય.

આ સમયે શહેરના ખૂણે આવેલ કલબમાં વકીલો દાકતરો, ધનિકો, જમીનદારો ખુરશીઓ શોભાવી રહ્યા હતા. વિજળીનો ઝગમગાટ અંધકારને નસાડી રહ્યો હતો. જુદા જુદા ટેબલ પર પાનાઓ વહેંચાતા અને પછડાતા હતા. એક ધનિકે પૂછયું, "આજના સમાચારમાં એક ખુની ને ફાંસીની સજા થઈ તે તમે વાચ્યું ?

"અરે ભાઇ ! કેપીટલ પનીશમેન્ટનો આ જમાનો છે ? ન્યાયાધિશે જન્મટીપ આપવી જોઇતી હતી. આપ જાણો છો કે માનવમાં કેટલી બધી જિજીવિષા હોય છે ? – વકીલે કહ્યું,

ધનિકે કહ્યુ, "મિત્ર, રીબાઈ રીબાઇને મરવું, જિંદગીભર જેલમાં રહેવું, તેના કરતા ફાંસીની સજા શી ખોટી ? કાચી મિનિટમાં જીવનનો અંત. ન કોઇ દુઃખ, ન કોઇ ચિંતા, જિંદગી ભરના કારાવાસથી તો માણુસ માનવી મટી જાય."

જન્મટીપ કે ફાંસી – એમાં કોણ સારૂં ?

આ પ્રશ્ન ચર્ચાની એરણ પર મૂકાયો અનેક સભ્યોએ પોતાના મત જણાવ્યા. ત્યારે એક યુવાન વકીલે કહ્યું, "હું તો જેલમાં અનેક વર્ષ વીતાવું પણ ફાંસીતો હરગીજ પસંદ ન કરૂં."

ધનિક વેપારીએ કહ્યું, "મિત્ર ! એ તો કહેવાય – પણ કેટલી વીસીએ સો થાય તે તો જેલમાં દિવસો વીતે ત્યારે ખબર પડે."

વકીલે કહ્યું, "આપને આ બાબતમાં શંકા રહેતી હોય તો હું પ્રતીતિ કરાવી દઉં. હુંજ મરજિયાત જેલવાસ ભોગવવા તૈયાર છું."

"જો આપ એ માટે તૈયાર હો તો હું શરત મારવા તૈયાર છું. આપ પંદર વર્ષ જેલમાં વીતાવો તો હું આપને બે લાખ રૂપિયા આપું."

"તમારી શરત મને માન્ય છે. જાઓ, હું પંદર નહિ પણ પચ્ચીસ વર્ષ જેલમાં રહેવા તૈયાર છું."

વેપારીએ કહ્યું, "આપને કોઈ માનવી સાથે વાતચીત કરવા નહિ દેવાય. એક બારી વાટે ભોજન વગેરે મળશે. માનવીનો ચહેરો પણ જોવા નહિ મળે. હા – આપને પુસ્તકો વાંચવાની છૂટ મળશે. લભ્ય તેમજ મર્યાદામાં તેની જોગવાઇ થશે. છે આ બધું આપને કબૂલ ?

શરત મંજુર થઈ, વકીલે સ્વેચ્છા પૂર્વક કારાવાસ સ્વિકાર્યો.

શેઠના મકાન પાસે એક અલાયદા રૂમમાં વકીલે પ્રવેશ કર્યો. હાથ લંબાવી પહોંચી શકાય તેવી બારીમાંથી પુસ્તક તથા ખોરાક વગેરે આપવાની યોજના હતી.

શરૂઆતમાં કારાવાસમાં વકીલે પોતાના ભૂતકાળના ગરીબ જીવનના પાના ઉથલાવ્યા. કેવી કારમી પરિસ્થિતિ ! નિશાળે જતાં પગમાં પગરખાં કે ચંપલ પણ નહિ. ઉનાળામાં ધગધગતી જમીન પર પગ પડે કે ઉપડે. ગામડેથી શહેરમાં અભ્યાસ અર્થે જવું પડે. પાંચ માઈલનો પંથ. રીસેસમાં ભાથું–ભાખરી ને ગોળ–કયારેક ગોળ પણ ન મળે. સાડા પાંચે નિશાળ છૂટે ત્યારે ફરી પંથ કાપવાનો. છતાં અભ્યાસ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

– ઉગની હોવાથી કશું કષ્ટમય જણાતું ન હતું તો પછી સારું ભોજન અને સારું મકાન – પછી શાની તકલીફ ?

કારાગૃહ માંથી મુક્ત થયા પછી – વકીલનું માનસ તરંગે ચઢતું બે લાખ રૂપિયામાંથી સર્વ મળે. આનંદ અને વૈભવ – મોજ મઝા. આ બધાનુ સાટું વાળી દઇશ. વકીલાતમાં સાચાં – ખોટાં કંઇક કરત, છતાં આટલું ન કમાત. જ્ઞાતિમાં મોભાનું સ્થાન મળશે' કેમ કે પૈસો સર્વત્ર પૂજાય છે. સામાજિક ક્ષેત્રે થોડું દાન કરી, નામના કમાઇશ – આશા અરમાનના કિલ્લાઓ રચાયા. ઊર્મિનો આવેગ હર્ષ પૂર્વક ઝણ ઝણી ઉઠે.

પણ ભાવીની કોને ખબર પડે છે. જયાં સુખ જણાય છે ત્યાં ફકત સુખનો આભાસ જ છે. જયાં જળ લાગે છે ત્યાં જાંજવાના નીર હોય છે. પણ માનવી તે વાત સ્વીકારવા તૈયાર નથી.

કલ્પનાનો સહારો તૂટવા લાગ્યો. માનવી તો સામાજિક પ્રાણી. અટુલતા, એકાકીપણું વસમું લાગવા માંડયું. કોઇ ન મળે વાતચીત કરનાર. ન મળે સાંભળવા કોઇનો અવાજ સુખ દુઃખના ભાગીદારીની વાતજ કયાં? મુંજવણે ભીંસ આપી – જાણે કે નાગચુડ.

માનવી બુદ્ધિશાળી છે. બુદ્ધિને કસે ટીએ ચઢાવી. પુસ્તકો – નવલકથા અને નવલિકા નું વાચન શરૂ કર્યું. વીરનર, મુખ્ય પાત્રોમાં પોતાનેજ કલ્પે. શૌર્ય અને સાહસમાં પોતાની જ વીરતામાં વારી જાય. ઊર્મિના સ્પન્દનો આનંદ ને હર્ષ આપે. એકલતા નિર્મૂળ થઈ. પ્રેમીજનોના પાત્રોમાં પોતેજ જાણે પાઠ ભજવતો બને. સફળતા હર્ષોલ્લાસ રૂપે નિષ્ફળતા આંસુ ભીંજવે. માનસ શાસ્ત્રે જણાવેલ તમામ મનોવૃતિના વર્ગને શમાવે, સંતોષે – તેવા પ્રયત્નો હાથ ધર્યા. સમયની ઘટમાળ ફરતી જ રહી.

પુસ્તકોની સંખ્યા ખૂબ મોટી થઈ હતી.

મને પ્રતિકાર આપ્યો. આ બધા પછી મેળવ્યું શું? પાત્રો પણ કાલ્પનિક અને ભૂતકાળના. તેમાંથી શો લાભ થયો ? જીવન-ઘડી તો રેત સરકાવી રહી છે. માનવ–જીવનનું ધ્યેય કંઈક ખરું ને ?

માનસે દિશા સૂચવી. જેલમાં જવાહરે ઇતિહાસ લખ્યો, ગાંધીજીએ જેલમાં ઘણું ઘણું લખ્યું. જનતા સમક્ષ મૂકયું. જીવન સાર્થકતા કરવામાં ફાળારૂપ બન્યું.

ધ્યેય લક્ષી જીવન ચોમરેની પરિસ્થિતિ ભૂલે છે અને ધ્યેય સિદ્ધ કરવા ખમીરવંત બને છે.

તે પ્રમાણે વકીલે અન્યભાષાઓનો અભ્યાસ શરૂ કર્યો. રાત દિવસ તેમાંજ ગ્રસ્ત રહે. દિવસો સહેલાઈથી વીતે. જ્ઞાન-પ્રાપ્તિ સંતોષ અર્પે : છ છ ભાષામાં વિચારો વ્યકત કરવાનુ તેમજ લખવાનું સરળ બની ગયું. એક દિવસે 'અહં' સંતોષવા છ ભાષામાં એકજ ફકરો લખી, ધનિકને મોકલાવ્યો જણાવ્યું કે ભાષા નિષ્ણાતોને બતાવી ખાત્રી કરે કે તેમાં એક પણ ભૂલ નથી. ખરેખર, તે સાચું જ નિવડયું. – સદ્ધનું સોપન સર થયુ

પોતાની જાતને ધન્ય માની.

વળી મને પલટ ખાધી. આ બધું શાને માટે ? કારાવાસમાંથી બહાર આવી જગત સમક્ષ શું તૂં બણગાં ફુંકીશ ? છ ભાષા કોને આવડે છે? કદાચ તારી હોશિયારી માટે કોઇ તને નવાજશે કોઇ કહેશે કે તેમાં શું મોથ મારી ?

ઉંમર વધી હતી. આશા અને અરમાનના ઓળા અદશ્ય થતા હતા. જગતને દડો કલ્પી લાત મારી ગમે ત્યાં ફેંકી દેવાની ખુમારી શમી ગઈ હતી. શાંતિ અને પરિપકવતા જીવન દ્વારે આવી રહ્યા હતા. તેમની ફલશ્રુતિ રૂપે ધાર્મિક પુસ્તકોનું વાચન આવકાર દાયક બન્યું. એક પછી એક પુસ્તક વંચાવા લાગ્યું. કોઇ અનેરી ક્ષિતિજના. દ્વાર ખૂલવા લાગ્યા.

હું કોણ? કયાંથી આવ્યો? જીવનમાં મારે શું મેળવવાનું છે? – તે માટેની મારી શી પ્રવૃત્તિઓ ચાલે છે? – આબધુંજ નકામું. પ્રભુ પ્રાર્થના અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુચિંતને મનનો કાબૂ લીધો. કારાવાસની મુક્તિ બાદ, ધન મળશે. વૈભવ અને મોજશોખ માઝા મૂકશે. સંસારના આટા પાટામાં ગુંથાઈ જશે. એક દિવસ યમરાજનો કાસદ બારણું ખખડાવતો આવશે. ત્યારે કહીશ કે હજુ જીવન મ્હાણવાનું બાકી છે ? જરા થોભો.

નહિં – નહિ. આ બધું મિથ્યા છે આત્માની અધો ગતિ નથી નોતરવી. હવે તો આત્માનો ઉત્કર્ષ એજ ધ્યેય. ઠાકરે મારીશ ધનને પેલા બે લાખને.

આ બાજુ પેલા ધનિક વેપારીને ધંધામાં સારી એવી ખોટ આવી. ખર્ચાએ માઝા મૂકી હતી. વિમાસણનો ભરડો વધતો જતો હતો. શું કરવું તે સૂઝતું નહતું. ત્યારે બે લાખની શરત તેને મૂર્ખઈ ભરી લાગી. તે આપવાજ પડે તો રાનપાન થઇ જાઉં. સ્થાવર મિલકત વેચવી પડે. શેરીનો રઝળતો ભિખારી બની જાઉં. તે વખતે પેલો વકીલ આવીને કહે કે આટલી મદદ સ્વીકારો, તમારે લઈને હું આ ધન પામ્યો છું. કેવી દયાજનક સ્થિતિ ?

આ વિચાર મગજમાં દુર્બુદ્ધિ વિદ્યુત્ શી ચમકી. હજુ પંદર દિવસ છે વકીલને ઓશિકા નીચે દબાવી યમદ્વાર પહોંચાડી દઉં. ન રહે બાંસ ન રહે બંસી ? જઈને તેજુરી ખોલી. તેમાં રહેલી વકીલના ઓરડાની ચાવી ધ્રુજતે હાથે લીધી. શયતાન રૂપે ઓરડા તરફ ચાલ્યો. કર્કશ અવાજ સાથે ચાવી તાળામાં ફરી. નાનકડી ચીસ પણ નીકળી.

અંદર દૃષ્ટિ પડી. વકીલ, મેજ પાસે ખુરશી પર માથું ઢાળી સુતો હતો. બાજુમાં એક લખેલ પત્ર હતો. શરીરની કાંતિ ફીકકી પડી હતી. ગાત્રો શિથિલ જણાતા હતા. ચામડી દેહ લતા પર લબડતી બની હતી. પત્ર જોતાંજ વાંચવાનું મન થયું.

ભાઈશ્રી,

આપશ્રીની શરતે મારી આંખ ઉઘાડી દીધી છે. સંસાર ભ્રામક છે. સ્નેહીજનો, મિત્રો સહુ સ્વાર્થિ છે. માનવ દેહ અને આત્મા અલગ છે. દેહનું સુખ તે દુઃખ રૂપ છે. તે માટે હવે કોઇ ઇચ્છા નથી. આત્મ જ્યોત પ્રગટાવવાની તમન્ના છે. તમારા બે લાખ મારા જીવન પર કુહાડાના ઘાત રૂપ બને તેથી તે મેળવવા જરાયે ઈચ્છા નથી. તેથી જ સમય પહેલાં પાંચમે દિવસે હું ઓરડો છોડી ચાલ્યો જઇશ. ધન તો કાચા પારા તુલ્ય છે. તે પચે તેમ માની ન શકાય.

શુભેચ્છા,
વકીલની સહી

પત્ર શેઠે વાંચ્યો પત્ર મહામૂલો લાગ્યો. પોતાની સર્વ આફતનો ધ્વંસક જણાયો. જાળવીને ખીસામાં મૂકી દીધો. ધીમે પગલે ચાલી, તાળું વાસ્યુ. ઘેર આવી પત્ર તેજુરીમા મૂકી દીધો.

સમય રેતી સરતી ચાલી. વકીલનો નિર્ણયાત્મક દિવસ આવી પહોચ્યો. પાછળના ભાગની બારી ખોલી ઓરડા બહાર આવ્યો. દીવાલ ઓળંગી પલાયન થઈ ગયો. આત્માની ખોજ માટે ગિરિકંદરામાં આસરો લીધો આત્માની મસ્તદશા મ્હાણવામાં મસ્ત બન્યો.

卐

---

## હાર્દિક આભાર

શ્રીમાન શેઠશ્રી હીરાલાલ અનોપચંદભાઈ (મુંબઇ) તરફથી પુસ્તકો બાર (૧૨) શ્રી જૈન આત્માનંદ સભાને ભેટ મળ્યા છે તે માટે સંસ્થા વતી તેમનો આભાર માનામાં આવે છે તેઓશ્રી અનુકુળતાએ સંસ્થાને યાદ કરતા રહે તેવી નમ્ર વિજ્ઞપ્તિ.

**શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.**



For Private And Personal Use Only




[હપ્તો ૫ મો ગતાંકથી ચાલુ]

ધનદેવે સુપ્રતિષ્ઠને પ્યોલો ભરીને પાણી આપ્યું સુપ્રતિષ્ઠનુ હૈયું દુઃખના દર્દથી પીડાતું હતું. આંખ માંથી આંસુ વહી જતા હતાં ધનદેવે પીઠ પર વાત્સલ્ય ભર્યો હાથ પ્રસરાવતા કહ્યું.... ભાઈ....! શાંત થાઓ. મનમાં સહજ પણ દુઃખ હવે લાવશો નહિ. ધનદેવે શાત્વન આપ્યું. .... પાણીનો પ્યાલો ધનદેવે સુપ્રતિષ્ઠના હાથમાં આપ્યો. પણી નો ઘુંટડો પીને જાણે શાંત્વન ભર્યું અમૃતનુ પાન કર્યું. અંતરથી હાસ.... નો ઉદ્ગાર નીકળ્યો. ક્ષણુના પૂર્ણ વિરામ પછી સુપ્રતિષ્ઠે પોતાની વાત આગળ ચલાવી.

હે ધનદેવ! દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવમાં કાળ પણ ઘણોજ મહત્વનો ભાગ ભજવે છે. મારા પિતાનો સ્વભાવ ઘણોજ કોમળ હતો. તેઓ જમવા બેસતા.... મને પણ પોતાની પાસે જ બેસાડે અને પોતાના હાથે કોળીયો લઈ પહેલા મને જમાડતા હતાં અને તેનો આનંદ માણવા પૂર્વક પોતે જમતા. તેઓ મને લગારે અળગો ના મૂકે પોતે જયાં જાય ત્યાં હું તેમના પડછાયા ની સાથે સાથે ફરતો. મને લવલેશ દુઃખ ન હતું મારા દુઃખે તેઓ દુઃખી થતા પણ આ વાત ને વર્ષો વીત્યાં આજે તો કોઈ કાળ ના પ્રભાવે તેમના જીવનમાં મોટો ફેરફાર થઇ ગયો. ચંપાપુરીના કીર્તિધર્મરાજાની રાજપુત્રી કનકવતી સાથે તેમણે બીજી વારનું લગ્ન કર્યું. વેલડી વૃક્ષના આધારે ટકી રહે તેમ મારી અપર મા ના વચન પર જ પોતે પોતાના જીવન ને સમર્પિત કર્યું કાળના પ્રભાવે તેઓ મોહાંધ બન્યાં.

સમય....સમય....ના વહેણ વહેવાજ માંડયા અને કનકવતીને પુત્ર અવતર્યો. તેનુ નામ સુરથ કુમાર રાખ્યું. [illegible] જન્મ પછી ખટપટોની પરંપરા શરૂ થઇ.

મારી અપરમાને હું કાંટાની જેમ ખુંચવા લાગ્યો. પોતાનો વ્હાલો પુત્ર સુરથ ગાદી ઉપર આવે એટલે માટે તેમણે કાવાદાવા શરૂ કર્યાં અને મારી ખોટી રીતે હલકી છાપ ઉભી કરવા માટે મારા પિતાના કાન ભંભેરવા માંડી. મારા પિતા ન્યાયથી કોઈ પણ કાળે વિચલીત થતા ન હતાં. તેમણે મને જ ગાદી ઉપર બેસાડવાનો નિર્ણય કર્યો હતો પણ કનકવતીના પ્રપંચથી એ વાત વિલીન થઇ ગઈ અને છેવટે મને કેદમાં નાંખીને સુરથને ગાદી ઉપર બેસાડવાની તૈયારીઓ ચાલી. ધનદેવને પોતાની વિતક કથા જણાવતો સુપ્રતિષ્ઠ ઉંડો શ્વાસ લેતો હતો ત્યાંજ ધનદેવે કહ્યું.... તમને કેવા રીત ખબર પડી કે તમને કેદ કરવાના છે. ?

સુપ્રતિષ્ઠે કહ્યું એક વૃદ્ધ દાસીએ રાજા–રાણીની વાતો કાનોકાન સાંભળીને તેમણે મને સાવચેત કર્યો દાસીએ મને સમાચાર ન આપ્યા હોત તો આજે હું કારાગારનો કેદી બન્યો હોત. સુપ્રતિષ્ઠની વાત સાંભળતાં જ ધનદેવથી બોલાઈ ગયું.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પિતા થઇને પોતાના પુત્રને કેદમાં નાખે તે કેવી આશ્ચર્ય ભરી ઘટના કહેવાય...।

એમા આશ્ચર્ય નથી.... ધનદેવે વધારે તો ભંયકર એ વાત હતી કે મારા માત પિતાના ખટપટથી મને દુર્બુદ્ધિ એ સુઝી કે મારો રાજ્યનો હક છીનવીને મને કારાવાસમાં નાખનારને જ મારે મારી નાખવા જોઇએ. જો એવુ થાય તો હું પિતાનો અને માતાનો ઘાતક ગણાઉં મને હત્યા કરવાનો જે વિચાર આવ્યો તે લાબો સમય ન ટકયો. તે સારુ થયું. મારા કુલને કલંક લાગે તેવું તો મારે ન જ કરવું. જોઇએ શૂરવીર તો પરાક્રમ કરી રાજ્ય મેળવી શકે છે. નિર્દોષ પિતાની હત્યા કરી રાજ્ય પર બેસનાર નરાધમ અને રાક્ષસ કહેવાય છે. એવુ કરવા કરતાં રાજ્ય છોડી ચાલી નીકળવું અને પોતાના પરાક્રમે જ રાજ્ય અને લક્ષ્મી બંને મેળવવી તેવો દઢ નિશ્ચય કરી ક્ષણવારમાં પિતાને જાણ ન થાય તેમ હું નગર બહાર ચાલ્યો ગયો. ફરતા ફરતા આ સિંહગુહામાં આવીને રહ્યો. મારી નામનાથી આજુબાજુના ભીલ્લો મારી સાથે આવીને રહ્યાં. નિર્દય અને ચોરી લુટફાટ કે કોઇને મારી નાખવામાં પાછી પાની નહિ કરનારા એવા ભીલો સાથે મારૂ જીવન આ રીતે વ્યતિત થાય છે. શું કરૂ.... ધનદેવ મને આ પ્રવૃતિ નથી રૂચતી પણ ન છૂટકે આ ભીલોની સરદારી સ્વીકારી છે. મારા જીવનમાં હું તો અન્યાયનો ભોગ થઇ પડયો છું. પણ જેમ સાગરમાં મીઠી મહેરાવણ વહે તેમ કોઇ વાર આ સિંહગુહાના માર્ગોથી કોઈ મહાપુરૂષ ત્યાગી....યોગી આવી ચડે છે. તેમના સમાગમથી ને દર્શનથી મારો તેટલો સમય આનંદમાં વ્યાતત થાય છે. બસ આવી દર્દભરી જીવન કથા છે. શું કરૂ ! ધનદેવ મને કાંઇ સમજ નથી પડતી. ધનદેવે આશ્વાસન આપ્યું હે પ્રસુતિષ્ઠ ! જગતમાં લોકો બધુજ લુંટી લેશે.... અને રખડતો કરી મૂકશે. પણ આપણું ભાગ્ય કોઇ લુટી નથી લેતું. આપણે સાચી શ્રદ્ધાથી અને પુરૂષાર્થથી આગળ વધીએ તો ભાગ્ય પણ સાથ આપે છે. હવે એ ભૂતકાળને ભુલી જાઓ. મહાપુરૂષો કહે છે. કે માનવમાત્રએ પોતાના સમગ્ર જીવન દરમ્યાન ભૂતકાળને તપાસી અને વર્તમાન કાળમાં યોગ્ય પ્રવૃતિ કરતાં કરતાં આગળ વધે તો ભવિષ્ય ને સુધારી શક છે. ભુતકાળના સારા પ્રસંગને યાદ કરવો અને ભૂલવા જેવા પ્રસંગોને ભૂલવાથી જ જીવન સાત્વિક બન છે. સુપ્રતિષ્ઠ અને ધનદેવ વચ્ચે એક મૈત્રી નો કરાર થયો. ધનદેવને થયું ઘણો વખત અહી રહ્યા છીએ. અહીં પડી રહેવું ઠીક નથી. સુપ્રતિષ્ઠની રજા લઇ પોતાના સાર્થ સાથે ધનદેવ આગળ પ્રયાણ કરવા તૈયાર થયો. સુપ્રતિષ્ઠે કહ્યું મારી એક શરત આપને સ્વીકારવી પડશે. ધનદેવ આશ્ચર્યથી સાંભળવા આતુર થયો. સુપ્રતિષ્ઠે ધનદેવના હાથમા એક મણિ અર્પ્યો જે સુપ્રતિષ્ઠિતે અત્યાર સુધી તેની પાસે છૂપાવી રાખેલો હતો. ધનદેવ મણિ જોઇને ખુબજ આનંદિત થયો. મણિનો ચોમેર પ્રકાશ ઝળહળી ઉઠયો. સુપ્રતિષ્ઠે કહ્યું મિત્ર તે મને સાચું સાંત્વન આપ્યું છે. એટલુજ નહિ પણ મારો મિત્ર બન્યો છે. તેથી આ એક નાનીશી ભેટ સ્વીકારવી જ પડશે. એજ મારી શરત છે. અને હવે તો સમયે આપણે ભેગા થઇશું.

ધનદેવે મિણ જોઇને કહ્યું બંધુ... ! આ મણિ તો દેવલોક માં જ સંભવે પણ આપની પાસે એ કયાંથી ? સુપ્રતિષ્ઠે કહ્યું ભાઇ ! એ તો એવા સંજોગોમાં મળ્યું છે. કે કોઈ કાળે એ પ્રસંગ ભૂલાય તેવો નથી હવે તમારી જાણવાની જિજ્ઞાસા છે તો સાંભળો ....!

( ક્રમશ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આમંત્રણ

## અભિનંદન તેમજ હાર્દિક અનુમોદના

શ્રી જૈન આત્મનંદ સભા દર વર્ષે ચૈતર સુદી–૧ શ્રી શત્રુંજય તીર્થમાં પ. પૂ. આત્માનંદ મહારાજ સાહેબની જન્મ જયંતિ ઉજવ છે. તેમજ શ્રી તાલધ્વજ ગિરિરાજ પર સભાનો સ્થાપના દિન ઉજવાય છે. હજીપણ વધારે લાભ સભ્યોને તીર્થધામની યાત્રાનો લાભ મળે તે હેતુથી મહામાસમાં શત્રુંજય તીર્થની યાત્રા અને સાધુ ભગવંતોની ભક્તિ માટે પાંચ સદ્‌ગૃહસ્થો–દરેક તરફથી ૨૫૦૦ રૂા. અનામત ફંડમાં મૂકવામાં આવેલ છે. તેથી આ સભાના દરેક સભ્ય યાત્રા અને સમુહ મિલન માટે જરૂર હાજર રહે – અને રકમ આપનારને ઉત્સાહ અર્પે તેવી વિનંતિ. **આ વર્ષે માહમાસની સુદી ૧૦ ને રવિવારે** યાત્રાનું આયોજન તેમના તરફથી રખાયું છે, તો જરૂર હાજર રહેશો એવી વિજ્ઞપ્તિ.

**ઠેકાણું :– મહારાષ્ટ્ર ભુવન ધર્મશાળા, પાલીતાણા.**

**તા.ક. :–** આ આમંત્રણ ફકત મેમ્બરો માટેજ છે. સાથે ગેસ્ટ લાવનારને દરેક ગેસ્ટ દીઠ રૂા. દશ આપવાના રહેશે.

---

### શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાળા ગ્રંથ–૬૦

## જૈન પરંપરાનો ઇતિહાસ (ભાગ ૪ થો)

### લેખક : ત્રિપુટી મહારાજ

ભવ્ય અને અણુમોલ પુસ્તક વાંચીને ખૂબજ આનંદ અનુભવ્યો. અથાગ શ્રમ, જ્ઞાન–સમૃદ્ધિ સુક્ષ્મ નિરીક્ષણ, ધગશ વિના આવું સાહિત્ય સર્જન શકય નથી. વિશેષતઃ ઇતિહાસ લેખકની અખૂટ ધીરજ, અલીપ્તતા, તટસ્થતા, વગેરે ઇતિહાસ ને ઇતિહાસ રૂપ રાખી શકે છે. –તે સર્વે અત્રે જોતા, આનંદ, ઉલ્લાસ અને અનુમોદનાના સ્રોત હૈયાના ખૂણેથી વહેતા બને છે. ભાવી પેઢી તેમજ આજની પેઢીને પણ ખૂબ ઉપયોગી સાહિત્ય છે. ભાષાની સરળતા પણ અનેરી છે. ઐતિહાસિક હકીકતનો ભરપુર ખજાનો છે. તેમાં બે મત નથી.

પાંચમા ભાગનું આયોજન થઈ ચૂકયું છે–તે ઘણી આનંદની વાત છે. અગાઉથી સહુ તેના ગ્રાહક બનવાનું નક્કી કરે તેવી હાર્દિક ઇચ્છા.

**—તંત્રીશ્રી**

---

# સ્વર્ગવાસ નોંધ

શ્રી કાન્તીલાલ ભગવાનદાસ શાહનો (ઉં. વર્ષ ૭૧) તા. ૨–૧૨–૧૯૮૩ના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસ થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. તેઓશ્રીએ આ સભાની લાઇબ્રેરીને વ્યવસ્થીત કરવામાં તથા ખૂટતા પુસ્તકો ગમે ત્યાંથી મેળવવામાં મદદ કરી હતી. અને ખૂબ જ સરસ રીતે આખુ પુસ્તકાલય વ્યવસ્થીત કરેલ. તેઓશ્રી ધાર્મિક વૃતીવાળા અને સરળ સ્વભાવી હતા. તેઓશ્રીના સ્વર્ગવાસથી સભાને ઘણીજ ખોટ પડી છે. પરમકૃપાળુ પરમાત્મા તેઓશ્રીના આત્માને શાન્તિ અર્પે તેવી પ્રાર્થના.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ

## સં. ૨૦૩૯ના આસો વદી

| ફંડ તથા જવાબદારીઓ | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|
| **બીજા અંકિત કરેલા ફંડ :-** | | |
| પરિશિષ્ઠ મુજબ ... ... | ... | ૨૬૪૪૮૨–૫૧ |
| શ્રી પ્રમુખશ્રી આગમન સમારંભ ખાતું (ગ સા.મુ.) | ૬૩૦–૯૫ | |
| ચાલુ સાલ ખર્ચ | ૧૩–૦૦ | |
| | ——— | ૬૧૭–૯૫ |
| **જવાબદારીઓ :-** | | |
| પુસ્તક વેચાણ ... ... | ૩૩૫૦–૧૦ | |
| અગાઉથી મળેલી રકમો પેટે ... | ૨૭૭૧૩–૬૯ | |
| ભાડા અને બીજી અનામત રકમો પેટે ... | ૧૯૮૩–૦૦ | |
| | ——— | ૩૩૦૪૬–૭૯ |
| **ઉપજ ખર્ચ ખાતું :-** | | |
| ગઈ સાલની બાકી જમા.... ... | ૨૯૦૨–૮૪ | |
| ઉમેરો/ચાલુ સાલનો વધારો આવક ખર્ચ ખાતા મુજબ | ૧૦૦૦–૭૦ | |
| | ——— | ૩૯૦૩–૫૪ |
| | | ——— |
| **કુલ રૂા.** | | ૩૦૨૦૫૦–૭૯ |

ટ્રસ્ટીઓની સહી :


૧. હીરાલાલ ભાણુજીભાઈ શાહ
૨. પોપટલાલ રવજીભાઈ સલોત
૩. અમૃતલાલ રતીલાલ ભગતભાઈ
૪. હિંમતલાલ અનોપચંદ મોતીવાળા
૫. પ્રમોદકાંત ખીમચંદ શાહ
૬. ચીમનલાલ વર્ધમાન શાહ




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સભા—ભાવનગર

નોંધણી નંબર :
એફ. ૩૭/ભાવનગર

### અમાસના રોજનું સરવૈયું

| મિલ્કત | | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|---|
| **સ્થાવર મિલ્કત :-** | | ૧૦૧૮૨૧-૯૦ | |
| | | | ૧૦૧૮૨૧-૮૦ |
| **ડેડ સ્ટોક ફર્નીચર :-** | | | |
| ગઈ સાલની | ... ... | ૬૮૫૨-૦૦ | ૬૮૫૨-૦૦ |
| **માલ સ્ટોક -** | | | |
| **( ટ્રસ્ટી મેનેજરશ્રીની પ્રમાણિત યાદી મુજબ)** | | ... | ૧૪૨૮૨-૪૩ |
| **એડવાન્સીઝ :-** | | | |
| ઈલેકટ્રીક ડીપોઝીટ | | ... | ૧૪૦-૦૦ |
| **રોકડ તથા અવેજ :-** | | | |
| (અ) બેન્કમાં ચાલુ ખાતે | | | |
| બેન્કમાં સેવીંગ્ઝ ખાતે | ... ... | ૮૯૭૦-૭૨ | |
| બેન્કમાં ફીક્સ્ડ અથવા કોલ ડીપોઝીટ ખાતે | | ૧૬૯૫૦૦-૦૦ | |
| (બ) ટ્રસ્ટી/મેનેજર પાસે | | ૪૮૩-૫૫ | |
| | | | ૧૭૮૯૫૪-૨૭ |
| સરવૈયા ફેરના | | | ૦-૨૯ |
| | **કુલ રૂા.** | | ૩૦૨૦૫૦-૭૯ |

ઉપરનું સરવૈયુ અમારી માન્યતા પ્રમાણે ટ્રસ્ટના ફંડો તથા જવાબદારીઓ તેમજ મિલ્કત તથા લ્હેણાનો સાચો અહેવાલ રજુ કરે છે.

**ભાવનગર**
તા. ૨૬ ડીસેમ્બર ૧૯૮૩

**સંઘવી એન્ડ કું.**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ

## સં. ૨૦૩૯ના આસો વદી અમાસના રોજ

| આવક | | | રૂા. પૈસા | | રૂા. પૈસા |
|---|---|---|---|---|---|
| ભાડા ખાતે :- (લહેણી/મળેલી) | .... | | .... | | ૧૦૮૫૯-૦૦ |
| વ્યાજ ખાતે :- (લહેણી/મળેલી) | | | | | |
| બેન્કના ખાતા ઉપર | ... | .... | ૧૪૮૪૩-૮૪ | | |
| | | | ———— | | ૧૪૮૪૩-૮૪ |
| ભેટ આવક :- | .... | .... | .... | .... | ૨૪૫૪-૦૦ |
| બીજી આવક :- | | | | | |
| શ્રી પસ્તી વેચાણ | ... | .... | ૧૩૮-૦૦ | | |
| શ્રી પુસ્તક વેચાણના નફાના | | .... | ૧૯૯૩-૫૦ | | |
| | | | ———— | | ૨૧૩૧-૫૦ |
| | | | | | ———— |
| | | કુલ રૂા. | | | ૩૦૨૮૮-૩૪ |

ટ્રસ્ટીઓની સહી :

૧. હીરાલાલ ભાણજીભાઈ શાહ
૨. પોપટલાલ રવજીભાઈ સલોત
૩. અમૃતલાલ રતીલાલ ભગતભાઈ
૪. હિંમતલાલ અનોપચંદ મોતીવાળા
૫. પ્રમોદકાંત ખીમચંદ શાહ
૬. ચીમનલાલ વર્ધમાન શાહ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સભા–ભાવનગર

નોંધણી નંબર :
એફ. ૩૭/ભાવનગર

### પૂરાં થતાં આવક અને ખર્ચનો હિસાબ

| ખર્ચ | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|
| **મિલ્કત અંગેનો ખર્ચ :-** | | |
| મ્યુનિસિપલ/ગવર્નમેન્ટ ટેક્ષ .... .... | ૯૦૯-૬૫ | |
| મરામત અને નિભાવ .... .... | ૪૧૬-૫૦ | |
| વીમો .... .... | ૪૦૫-૦૦ | |
| | | ૧૭૩૧-૧૫ |
| **વહીવટી ખર્ચ :-** .... .... ... | | ૭૪૨૧-૯૫ |
| **કાનુની ખર્ચ :-** .... .... ... | | ૧૫૦-૦૦ |
| **ઓડીટ ખર્ચ :-** .... .... .... | | ૧૫૦-૦૦ |
| **ફાળો અને ફી :-** .... .... .... | | ૪૭૭-૮૫ |
| **પરચુરણ ખર્ચ :-** .... .... ... | | ૧૩૫૮-૮૦ |
| **રીઝર્વ અથવા અંકિત ફંડ ખાતે લીધેલ રકમો :-** | | ૪૭૫૮-૬૪ |
| **ટ્રસ્ટના હેતુઓ અંગેનું ખર્ચ :-** | | |
| ટ્રસ્ટના હેતુઓ અંગેનું ખર્ચ .... .... | ૧૩૨૩૯-૨૫ | |
| | | ૧૩૨૩૯-૨૫ |
| **વધારો સરવૈયામાં લઈ ગયા તે :-** .... .... | | ૧૦૦૦-૭૦ |
| કુલ રૂા. | | ૩૦૨૮૮-૩૪ |

**ભાવનગર**
૨૬ ડીસેમ્બર ૧૯૮૩


**સંઘવી એન્ડ કુાં.**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સરી પડેલ મોતીની માળા



### શ્રીમાન્ મોપાંસાની કથા પરથી

**શ્રીમતી શશિકલા,**

નામ તેવુંજ રૂપ.

દેહ સૌષ્ઠવથી શોભતી મોહક, સુંદર અને રમણીય તરુણી હતી રૂપ સ્વામિની દેવીએ પુલિકત હૈયે, તેને રૂપરાશિથી નવાજી હતી પરિણામે યુવાવસ્થાના ઉંબરે પહોંચતા રૂપનો નશો દિમાગ પર સ્વાર થઈ રહેલ.

પણ પૂર્વ કર્મનો વિપાક જુદોજ હતો. તેની ફલશ્રુતિ રૂપે જન્મ મળ્યો કારકુની કરતા કુટુમ્બમાં. અલબત્ત કુળ હતું ઉચ્ચ તેથી આશા, અરમાનના કલ્પિત કિલ્લાઓનું વાસ્તવિક પરિણમન અસંભવિત હતું. ભાવિ જીવન માટે રચેલા મનોરથો રૂપી પુષ્પો આકાશ કુસુમવત્ રહેવાને સર્જાયા હતા અનેકવિધ પ્રયત્નોના અંતે લગ્ન થયું કારકુની કરનાર વ્યક્તિ સાથે છતાં આશાનો દોર અતૂટ હતો.

શ્વસુર ગૃહે ન સાંપડયા સુંદર કપડાં કે ન મળ્યા કીમતી આભુષણો ન મળી હવેલી કે ન મળી કમનીય કુટિર. ધરતી પર પગ માંડયા વગર ચાલવાનું અશકય જણાયું ત્યારે સાદગી સ્વીકારી હતી. પણ મનને આ બધું ખપતું ન હતું આવું રૂપ તો અનેરા સુખ માટેજ સર્જાયું છે—એવી માન્યતા ઘર કરી બેઠી હતી. તેથી તરંગો ખૂબ ઉછળતા તેની શીત શિકરો આનંદપ્રદ લાગતી.

પણ જ્યારે નાનો શો રૂમ, ગંદી દીવાલો જૂનવાણી ખુરશી અને ફર્નિચર નયનો સમક્ષ ખડાં થતાં ત્યારે તેનો જીવ બળીને ખાખ થતો, એટલુંજ નહિ, છંછેડાય પણ જતી.

અહો ! માનવી માનસ-કંદરા ! તેના અતલ ઉંડાણ સુધી કોઇ પહોંચી શક્યું છે ખરૂં ? આજુબાજુ રહેતાં સામાન્ય વર્ગના પડોશીઓને ત્યાં આટલી પણ ઘરવખરી ન હતી. તે નજરે જોતાં છતાં પોતાની પરિસ્થિતિ સંતોષ નહોતી આપતી કે તુલના કરવાની ઈચ્છા પણ થવા ન દેતી. અસંતોષની અગ્નિમાં ભુંજાવાનુંજ રહેતું. તે ભૂલવા દિવ સ્વપ્નના સુખમાં મ્હાલવાંનુ નિશ્ચિત બન્યુ હતું. આલિશાન બંગલો અને નોકર ચાકરો વચ્ચે માલકણ બની, હુકમ-પાલનથી રસ ચગળતી સ્નેહીજનોના વૃંદોમાં મધુર વાર્તા વિનોદમાં ખોવાઈ જતી. ભોજનાલયમાં ચાંદીની ચમકતી થાળીમાં પીરસાતી વાનગીઓથી ખુશખુશાલ બનતી હોય તેવા ચિત્રામણો મનોભૂમિ ઉપર સરજતી

આ બધું કલ્પવાથી શું વાસ્તવિકતા વીસરાય ખરી ? ઘરમાં કયાંય સારો પોષાક કે સુંદર આભુષણ નજરે ન પડે. છતાં તેમનીજ આસક્તિમાં તે ગળાબુડ હતી. વળી જ્યારે ફુરસદ મળે ત્યારે શહુને ખુશ કરવાની તમન્ના, બુદ્ધિમત્તાનું પ્રદર્શન, તેમજ પ્રશંસાના પુષ્પો મેળવવાની તાલાવેલી' વગેરેને હૈયાના ઝૂલે હેતે હેતે ઝૂલાવતી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેને એક પૈસાદાર બહેનપણી હતી. નામ હતું નિર્મળા. તેને મળવાની પણ ઈચ્છા થતી નહિ. કેમકે ઘેર પાછા ફર્યા પછી તેના દુઃખની અવધીજ ન રહે –" તેમને આટલી બધી સુવિધા,– આટલી સાહ્યબી મારે તેમાનું કશું જ નહિ. ઘોર નિરાશાના વમળમાં અથડાય. દિલગીરી માઝા મૂકે – તે તેને આખો દિવસ રડતી કરી મૂકે.

× × ×

સંસાર ચક્ર ફરતું જ રહે છે– અવિરત ગતિએ એક દિવસ શશિકલાનો પતિ ખુશ-ખુશાલ બની ઘેર આવ્યો. હાથમાં હતું સુંદર કવર

"અરે ! જુઓ તો ખરા – તારે માટે કેટલું સુંદર છે ? એમ કરીને ત્વરાથી તે ખોલી નાખ્યું. ત્રિરંગી અક્ષરોમાં છપાયેલું કાર્ડ–

" આ છે કેળવણી પ્રધાનને ત્યાં ગોઠવેલી પાર્ટી માટેનું આમંત્રણ કાર્ડ :

પતિએ ધારેલું કે પત્ની ખૂબ ખુશ બનશે પણ બન્યું જુદું, તેણે તે કાર્ડ ગુસ્સે થઈને મેજ પર ફેંક્યું, અને બોલી, " આને હું શું કરૂં ?"

' પ્રિયે, મેં તો ધારેલું કે તું આથી સુખી બનશે. તૂં કદી બહાર જતી નથી આ તો સુંદર પ્રસંગ છે. –તક છે. વળી તે મેળવવા મને ખૂબ તકલીફ પડી છે તૂં ત્યાં ઉચ્ચ સરકારી અધિકારીઓને જોઈ શકશે."

તેણે ગુસ્સાપૂર્વક પતિ સામે નજર નાખી અને કહ્યુ, "પાર્ટીમાં જવા માટે યોગ્ય વસ્ત્રો કયાં ?

પતિએ કહ્યું, " એનો તો મને વિચાર જ ન આવેલ પણ અરે ! તૂં થીયેટરમાં જોવા જાય છે ત્યારે જ પોષાક પહેરે છે તે તો મને ખૂબ સુંદર લાગે છે"

પણ પત્નીને રુદન કરતી નિહાળી, તેની ચિંતા વધી પડી. ચિંતા પૂર્વક પૃચ્છા કરી, "તને શું થાય છે ?"

ખૂબ પ્રયત્ન કરી તેણે ગુસ્સો કાબુમાં રાખ્યો અને શાંત અવાજે કહ્યું, " કશું જ નહિ. મારી પાસે સારો પોષાક નથી –એટલું જ. તેથી હું પાર્ટીમાં નહિ જાઉં. ઓફિસમાં, મારા કરતાં વધારે સારો પોષાક હોય તેવી સ્રીના પતિને આ કાર્ડ આપી દેજો"

તેને ખૂબ દુઃખ થયું. પછી કહ્યુ, " પ્રિયે ! આપણે વિચારીએ. બીજા-પ્રસંગોએ પણ વાપરી શકાય એવા પોષાકનો શો ખર્ચ આવે ? તેણે થોડી સેકન્ડ સુધી વિચાર કર્યો અને છેવટે ખંચકાતા અવાજે કહ્યુ, " હું ચોક્કસ ન કહી શકું. મને લાગે છે કે સારા પોષાક માટે ચારસો રૂપિયા પૂરતા થઇ પડે."

સાંભળતાંજ શ્રીમાન્ ફીક્કાં પડી ગયા. તેની કરેલી બચત પોતાના શોખની ચીજ માટે વાપરવા ઇચ્છા હતી. છતાં જવાબ આપ્યો,

"બહુ સારૂં. હું તને ૪૦૦ રૂપિય આપીશ. સુંદર પોષાક મેળવવા તજવીજ કરી લેજે."

પાર્ટી માટેનો દિવસ નજીક આવી પહોચ્યો. શ્રીમતી શશિકલા બેચેન, ચિંતાતુર અને ગમગીન જણાતી. જોકે પોષાક તો તૈયાર થઇ ગયેલ હતો. એક સાંજે તેના પતિએ કહ્યું, " તને હવે શું વાંધો છે ! છેલ્લા બે ત્રણ દિવસથી તારૂં વર્તન ખૂબ વિચિત્ર ભાસે છે."

તે બોલી, " તેનું કારણ એ છે કે મારી પાસે કોઇ ઝવેરાત નથી, મોતી નથી, હીરા નથી."

(ક્રમશઃ)

## ક્ષમા યાચના

આ માસિક અંકમાં કોઇ અશુદ્ધિ રહી ગઈ હોય અથવા કોઇ ક્ષતિ, મુદ્રણ દોષ હોય તો તે માટે મનસા, વચસા, મિચ્છામિ દુક્કડમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# દરેક લાઈબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રીશષ્ટિ શલાકાપુરુષ ચરિતમ્ મહાકાવ્યમ્ ૨-પૂર્વ ૩-૪ પુસ્તકાકારે ( મૂળ સંસ્કૃત ) | ૨૦-૦૦ |
| ત્રીશષ્ટિ શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે ( મૂળ સંસ્કૃત ) | ૨૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧લો | ૪૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૪૦-૦૦ |
| શ્રી નિર્વાણ કેવલી ભક્તિ પ્રકરણ-મૂળ | ૧૦-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૫-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૨૫-૦૦ |
| **ગુજરાતી ગ્રંથો** | |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૧૫-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૨ | ૩૫-૦૦ |
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૨૦-૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૩-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૮-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૧૪-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૩-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે.સ્વ. પૂ. આ. શ્રી વિ. કસ્તુરસૂરીશ્વરજી | ૨૦-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| ધર્મ કૌશલ્ય | ૩-૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૩-૦૦ |
| ચાર સાધન | ૩-૦૦ |
| પૂ. આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક : પાકું બાઇન્ડીંગ | ૮-૦૦ |
| ધર્મબિન્દુ ગ્રંથ | ૧૦-૦૦ |
| સૂક્ત રત્નાવલી | ૦-૫૦ |
| સૂક્ત મુક્તાવલી | ૦-૫૦ |
| જૈન દર્શન મીમાંસા | ૩-૦૦ |
| શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન | ૬-૦૦ |
| શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૧-૦૦ |
| આર્હત્ ધર્મપ્રકાશ | ૧-૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૧-૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૩-૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૧૦-૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૧-૦૦ |
| નવપદજીની પૂજા | ૩-૦૦ |
| ગુરુભક્તિ ગહુંલી સંગ્રહ | ૨-૦૦ |
| ભક્તિ ભાવના | ૧-૦૦ |
| હું ને મારી બા | ૫-૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦-૫૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખાર ગેઈટ, ભાવનગર (સૌરાષ્ટ્ર)

પોસ્ટેજ અલગ


તંત્રી : શ્રી પોપટભાઈ રવજીભાઈ સલોત શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર,

મુદ્રક શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only